

# પરિષદવૃત્ત

સંકલન : રાજેન્દ્ર પટેલ

## 'વાંચે ગુજરાત' અંતર્ગત સૂરતમાં યોજાયેલા પુસ્તક-પરિચયના કાર્યક્રમો

### પુસ્તકો વાંચતાં બાળકોનો માનસિક વિકાસ વધુ – ડૉ. રમેશ ઓઝા

સુરત : 'સ્વર્ણિમ ગુજરાત'ની ઉજવણી નિમિત્તે 'વાંચે ગુજરાત' કાર્યક્રમમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ' અને 'નર્મદ સાહિત્ય સભા'ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ડૉ. રમેશ ઓઝાએ મરાઠી ભાષાની કૃતિ ગોપાલ નીલકંઠ દાંડેકરની આત્મકથા 'સ્મરણગાથા'નો પરિચય કરાવતા કહ્યું કે અપરિપક્વતાથી પરિપક્વતા સુધીની જ્ઞાનપિપાસા માટેની આ ભ્રમણયાત્રા છે. ૧૨ વર્ષની ઉંમરે ઘર છોડી દેનાર ગોપાલ દાંડેકર ગાયો ચરાવે, છાપાની ફેરી કરે, ફિલ્મનાટકમાં સંઘર્ષ કરે, કીર્તન કરે તથા શરીર પર અનેક કષ્ટદાયક પ્રયોગો કરે. ભોજનમાં છયે રસનો ત્યાગ, કપડાંનો ત્યાગ, માત્ર કાથીની દોરીની લંગોટી, જટા રાખે વગેરે. ગાડગે બાબા જેવા અનેક સાધુસંતોના સંપર્કમાં આવે, ને સમજાય કે વેશ કાઢવાથી વૈરાગ્ય નથી આવતો. ડૉ. રમેશ ઓઝાએ અત્યંત રસપ્રદ રીતે સ્મરણગાથાનો પરિચય કરાવ્યો હતો. શ્રી નાનુભાઈ નાયકે જડભરત, થોરો જેવા ચિંતકોને યાદ કરીને જણાવ્યું કે, ગોપાલમાં જીવવાની જીદ હતી; વૈરાગ્ય, જ્ઞાન અને સંવેદન હતું. તેમણે ફરિયાદ કરતાં જણાવ્યું કે, ટી.વી. અને મોબાઇલે આજની પેઢીને પુસ્તકોથી દૂર કરી નાખી છે. પુસ્તકો આપણને પરકાયાપ્રવેશ શીખવે છે અને જ્ઞાનની સાથે સંવેદન આપે છે. પરિષદપ્રમુખ શ્રી ભગવતીકુમાર શર્માના પ્રમુખપદેથી જણાવ્યું કે, અનુભવો માણસનું ઘડતર કરી શકે એનું દૃષ્ટાંત ગોપાલ દાંડેકર છે. વાંચે ગુજરાત અભિયાન સફળ થયું છે, અને ઘર ઘરમાં ઉત્તમ પુસ્તકો પહોંચે એના આપણે સૌ પ્રયાસો કરવાના છે. વાંચે ગુજરાત અભિયાન પેઢીઓ સુધી ચાલુ રહે એવી ઇચ્છા એમણે વ્યક્ત કરી હતી. શ્રી બકુલેશ દેસાઈએ મહેમાનોનું પુસ્તકથી સ્વાગત કર્યું હતું. શ્રી જનક નાયકે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### વિશ્વપ્રસિદ્ધ સાહિત્યકૃતિની શ્રેણીમાં કાલિદાસના 'મેઘદૂત'ની રજૂઆત

સુરત : 'ગુજરાતી સાહિત્ય પરિષદ', 'નર્મદ સાહિત્ય સભા' અને 'સાહિત્ય સંગમ' દ્વારા 'વાંચે ગુજરાત' અંતર્ગત વિશ્વપ્રસિદ્ધ સાહિત્યકૃતિઓને ગુજરાતી ભાષામાં સમજવાના ઉપક્રમ હેઠળ યોજાનારા કાર્યક્રમમાં મહાકવિ કાલિદાસ વિરચિત 'મેઘદૂત'ની દૃશ્ય-શ્રાવ્ય રજૂઆત જનક નાયકે કરતાં જણાવ્યું કે, વરસાદી વાતાવરણને માણવાનું આજની ભાગમદોડમાં વીસરી ગયા છે ત્યારે 'મેઘદૂત' જેવી કૃતિઓ આપણને પ્રકૃતિ તરફ વાળે છે. સૌંદર્યનો અર્થ ફરીથી સમજાવે છે. સ્વ. કીલાભાઈ ઘનશ્યામના પુસ્તક



'મેઘદૂત'માંથી શ્રી નરેશ કાપડિયાએ ભાવવાહી વાચન કર્યું હતું. શ્રી મહેન્દ્ર જોશીએ કાલિદાસનો પરિચય કરાવ્યો હતો.

### 'ન હન્યતે' નવલકથાનો આસ્વાદ ડૉ. અશ્વિન દેસાઈએ કરાવ્યો

'ગુજરાતી સાહિત્ય પરિષદ' પ્રેરિત અને 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય કલાકેન્દ્ર, સુરતના ઉપક્રમે 'મને ગમતું પુસ્તક'ના આસ્વાદની હારમાળાના પ્રથમ મણકા રૂપે બંગાળી લેખિકા મૈત્રેયી દેવી લિખિત 'ન હન્યતે' નવલકથાનો આસ્વાદ ડૉ. અશ્વિન દેસાઈ દ્વારા એમની વિશિષ્ટ શૈલીમાં કરાવવામાં આવ્યો હતો. શ્રીમતી યામિની વ્યાસે કાર્યક્રમની રૂપરેખા આપ્યા બાદ શ્રી રૂપીનભાઈએ કહ્યું હતું કે મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આહ્વાનથી ગુજરાતભરમાં 'વાંચે ગુજરાત' અભિયાન શરૂ થયું છે. ત્યારે આવી રીતે પુસ્તકોના આસ્વાદથી એ પુસ્તક જીવંત બનીને જીવનને ધબકતું રાખે છે અને પુસ્તકો વાંચક સુધી પહોંચે છે.

આ પ્રસંગે મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માએ જણાવ્યું કે બહુભાષીય વિદ્વાન ડૉ. અશ્વિનભાઈ આ નવલકથાનો આસ્વાદ કરાવે છે ત્યારે એક અવિસ્મરણીય જોગાનુજોગ – સુયોગને કારણે એમનો આનંદ બેવડાય છે. લેખિકા મૈત્રેયી દેવી સાથે એમની પ્રત્યક્ષ મુલાકાતો શ્રી ઉમાશંકર જોષી દ્વારા થઈ તે સમય અને શબ્દો એમના હૃદયમાં હજુયે પડઘાયા કરે છે. એ દિવસને સ્મરતાં અત્યંત અલભ્ય એવી માહિતી આપી યૌવનને ધબકતું રાખતી આ લેખિકા અને લેખનકાર્ય પર એમણે વિશેષ પ્રકાશ પાથર્યો હતો.

'ન હન્યતે'નો આસ્વાદ કરાવતાં ડૉ. અશ્વિનભાઈએ કહ્યું કે, આ નવલકથાનું ગુજરાતીમાં અને અન્ય ભાષાઓમાં અનેક રૂપાંતરો થયાં છે. 'હમ દિલ દે ચૂકે સનમ' ફિલ્મ પણ આના પરથી બની ચૂકી છે. આ પુસ્તકના અધ્યયન દરમિયાન એમને તિરાડમાંથી તાજમહેલ દેખાયો. અમૃતા નાયિકા ૬૦મા વર્ષને ભૂલીને ૧૬મા વર્ષમાં પહોંચી જાય છે. એઓ સૌંદર્યથી ભરી અને રહસ્યમયી હતાં. યુકીલીપ મીરચા સાથેનો એનો પતિ તરીકેનો સંબંધ સાહિત્યનો ઉમદા ટુકડો છે. દાંપત્યજીવનની જુદી જ વ્યાખ્યા આપતી આ કથા છે. પ્રેમ, દાંપત્ય, સત્ય, વફાદારી વગેરેના ઉત્તરો શોધવાની ચાવી આ નવલકથા પૂરી પાડે છે. શ્રીમતી યામિની વ્યાસે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને દિલીપ ઘાસવાલાએ આભારવિધિ આટોપી હતી.

### 'મને ગમતું પુસ્તક'માં ઇસ્મત ચુઘતાઈ લિખિત આત્મકથા 'કાગઝી હૈ પેરહન'નો પરિચય

સુરત : 'ગુજરાતી સાહિત્ય પરિષદ' પ્રેરિત તથા 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત અખિલ મહિલા પરિષદ, બૃહદ સુરત શાખા 'વાચકમંચ' દ્વારા 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ કાર્યક્રમની શ્રેણીનું દર મહિનાના પહેલા શુક્રવારે આયોજન થાય છે. આ શ્રેણીનો પ્રથમ કાર્યક્રમ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રમુખ શ્રી ભગવતીકુમાર

શર્માના પ્રમુખપદે યોજાયો હતો.

મુખ્ય વક્તા ડૉ. શરીફાબહેન વીજળીવાળાએ ઉર્દૂ લેખિકા ઇસ્મત ચુઘતાઈ લિખિત 'કાગઝી હૈ પેરહન' આત્મકથાનો આસ્વાદ ખૂબ જ સુંદર રીતે કરાવ્યો હતો. જે સ્ત્રીને પુરુષની બરાબરી નથી કરવી પરંતુ પુરુષથી બે ડગલાં આગળ ચાલવું છે એવી ખુમારીભરી સ્ત્રી ઇસ્મત ચુઘતાઈનું રેખાચિત્ર દરેક શ્રોતાઓની આંખ સમક્ષ તરી આવ્યું એટલો સુંદર શરીફાબહેને પુસ્તકનો આસ્વાદ કરાવ્યો.

કાર્યક્રમના અંતે શ્રોતાઓ દ્વારા પ્રતિભાવો તથા પ્રશ્નોત્તરી થઈ. સમગ્ર કાર્યક્રમનું સહજ સંચાલન વાચકમંચના કન્વીનર સ્મિતા પારેખે કર્યું તથા સંસ્થાના પ્રમુખ શારદાબહેન શાહે મહેમાનોનું સન્માન તથા કાર્યક્રમનું સમાપન કર્યું. સંસ્થાનાં વડીલ માર્ગદર્શક મુ. ધ્રુવલતાબહેન પારેખ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સૌ શ્રોતાઓ 'કાગઝી હૈ પેરહન' પુસ્તક વાંચવા આતુર હતાં.

## આશાપૂર્ણાદેવીની વાર્તાઓનો આસ્વાદ

સુરત : 'ગુજરાતી સાહિત્ય પરિષદ' પ્રેરિત તથા 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત વિચારગોષ્ઠિ દ્વારા 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપ કાર્યક્રમમાં શ્રી વિજય શાસ્ત્રીએ આશાપૂર્ણાદેવીની વાર્તાઓનો આસ્વાદ કરાવ્યો હતો. શ્રી ઈશ્વર પટેલે આભારવિધિ કરી હતી.

## અંજની પારેખ લિખિત હાસ્યનિબંધ 'વિનોદિકા'નો પરિચય

સુરત : 'ગુજરાતી સાહિત્ય પરિષદ' પ્રેરિત તથા 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત સુરતના એફ. એમ. રેડિયો પર શ્રી આમ્રપાલી દેસાઈએ અંજની પારેખના પુસ્તક 'વિનોદિકા'નો પરિચય કરાવ્યો હતો.

## 'સુરત મુજ ઘાયલ ભૂમિ' અને ભગવતીકુમાર : 'એક કેસસ્ટડી' – બકુલેશ દેસાઈ

સુરત : જેમણે પોતાની આત્મકથાને 'શબ્દકથા' અને 'નગરકથા' ગણાવી છે, જેઓ નર્મદને પોતાના પૂર્વજ કે વંશજ માને છે, જેમનું સમગ્ર જીવન અને સાહિત્ય-પત્રકાર-ચર્ચા મૅનેજમેન્ટની ભાષામાં કહીએ તો 'Case-Study' માટે અર્થપૂર્ણ ગણાય એવા સાહિત્યકાર-પત્રકાર અને 'સુરતપુત્ર' ભગવતીકુમાર શર્માની આત્મકથા 'સુરત મુજ ઘાયલ ભૂમિ'નો બકુલેશ દેસાઈએ રાષ્ટ્રભાષા પ્રચાર મંડળની લાઇબ્રેરીમાં આસ્વાદલક્ષી પરિચય કરાવ્યો હતો.

સંસ્થાઅગ્રણી શ્રી અતુલ પાઠકજીના સ્વાગતપ્રવચન બાદ કવિ બકુલેશ દેસાઈએ મૂળ-અસલ સુરતના આ વિસ્તાર (ખપાટિયા ચકલા)નો સંસ્મરણાત્મક સંદર્ભ આપી શ્રી ભગવતીકુમાર પોતે પણ આ જ સંસ્કારભૂમિનું ફરજંદ હોવાનો ભારપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. ઈ.સ. ૧૯૪૦ના વર્ષથી લઈને બાળક-કિશોર ભગવતીભાઈની દૃષ્ટિએ સુરતના અતીતમાં સરી પડેલ  સોનીફળિયું, ગોપીપરું, અંબાજી રોડ વગેરે સ્થળોમાં વસતા સુરતીઓના લોકજીવનનું હૂબહૂ ચિત્રણ કર્યું છે. તેમના શાળાકીય અભ્યાસ અને તેમાં



આવી પડેલા નબળી આંખોના વિઘ્ને તથા તેમની ત્રીસી દરમ્યાન આવેલા હેવી ડિપ્રેશનના હુમલાએ લેખકનાં જીવન અને સાહિત્યસર્જનમાં કેવો દૂરગામી પલટો આણ્યો હતો તેનું વિવરણ આ આત્મકથા વાંચનારને હચમચાવી મૂકે છે.

'સાહિત્ય સંગમ'ના સર્વેસર્વા શ્રી નાનુભાઈ નાયકની માફક ભગવતીભાઈએ પોતાના જીવનનો મોટો ભાગ સુરતમાં જ વિતાવ્યો છે. સુરતે તેમને ઘડ્યા છે અને તેમણે સુરતના સર્વાંગી વિકાસ-પરિવર્તન અને ઝળહળતી આજને પણ નજરે નિહાળી છે અને આ આત્મકથા સહિત અન્ય કૃતિઓમાં પ્રતિબિંબિત પણ કર્યાં છે.

સુરતના જાહેર જીવનના નિકટવર્તી સાક્ષી અને શાંત-સંચન અને તટસ્થભરી લેખિનીથી ભગવતીભાઈએ આ નગરના જોયેલા વારાફેરાનું પણ 'ગુજરાતમિત્ર' દ્વારા શી રીતે નિરૂપણ કર્યું છે તેનો પણ આસ્વાદકારે નિર્દેશ કર્યો હતો.

સર્વશ્રી જનક નાયક, ડૉ. પ્રફુલ્લ દેસાઈ, રવીન્દ્ર પારેખ, ડૉ. દીપિકા પાઠકજી, ગૌતમ ઉપાધ્યાયે આ 'વાંચે ગુજરાત' કાર્યક્રમ અંતર્ગત 'સ્વર્ણિમ ગુજરાત' મહોત્સવ દરમ્યાનની અભિયાન-શૃંખલામાં ખાસ હાજરી આપી હતી.

## ઉમાશંકર જોશીની જન્મશતાબ્દીની ઉજવણી નિમિત્તે 'ઉમાશંકર વિશેષ'

સુરત : ગુર્જર ભારતીય કવિ, વાર્તાકાર, નિબંધકાર, એકાંકીકાર, વિવેચક અને ગદ્યકાર ઉમાશંકર જોશીનું જન્મશતાબ્દી વર્ષ શરૂ થઈ રહ્યું છે ત્યારે 'નર્મદ સાહિત્ય સભા' અને 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા 'ઉમાશંકર વિશેષ'ના વિશિષ્ટ કાર્યક્રમમાં પ્રમુખસ્થાનેથી શ્રી ભગવતીકુમાર શર્માએ જણાવ્યું કે, ઉમાશંકર જોશીને પામવાના અંતરપર્વનો પ્રારંભ થઈ ગયો છે. ઉમાશંકરને સમગ્રપણે પામવાનું તો અશક્યવત્ છે. આખા વર્ષ દરમિયાન દર મહિને આવા કાર્યક્રમો દ્વારા ઉમાશંકરનાં વ્યક્તિત્વ અને કૃતિત્વના ભિન્ન ભિન્ન થોડાંક પાસાંઓ અને પરિમાણોને સ્પર્શી શકીશું તોય ઘણું કહેવાશે. ઉમાશંકરે શબ્દે શબ્દને ઘટ ઘટ પીધો છે. ઉમાશંકરને આજાનબાહુ સર્જક કહી શકાય. કેમકે એમણે સર્જન દ્વારા આખા વિશ્વને બાથમાં લીધું હતું. શ્રી ભગવતીકુમાર શર્માએ આગળ જણાવ્યું કે, ઉમાશંકર એમની શબ્દસાધના અને જીવનસાધના દ્વારા એમના હયાતીકાળમાં જ એક પરમોચ્ચ વિશ્વમાનવી બની ચૂક્યા હતા. ઉમાશંકર પરમ પદાર્થના શોધયાત્રી હતા અને તેઓ સતત પ્રેમતત્ત્વ શોધતા હતા. રાજકારણી પણ કેવો સત્યનિષ્ઠ હોઈ શકે એ કટોકટી કાળના ગાળામાં જોઈ શકાય. તો ઉત્તમ શિક્ષક કે શ્રેષ્ઠ સાહિત્યકાર પણ આપણે ઉમાશંકરમાં જોઈ શકીએ. ડૉ. રમેશ ઓઝાએ ઉમાશંકર જોશીની ૭૦૧ જેટલી કવિતાઓમાંથી 'પ્રાચીના' કાવ્યસંગ્રહની માત્ર ત્રણ કાવ્યકૃતિ કર્ણ-કૃષ્ણ, ૧૯મા દિવસનું પ્રભાત અને ગાંધારીનો આસ્વાદમૂલક પરિચય કરાવતાં જણાવ્યું કે, ગાંધીયુગીન કવિઓમાં સર્વશ્રેષ્ઠ કવિ તો ઉમાશંકર જ છે. ઉમાશંકરની કવિતા સપાટી પરની નથી. તેઓ પારદર્શી, ક્રાન્તદર્શી કાવ્યપંક્તિઓ રચે છે, ને તેથી તેઓ વિશાળ જનસમુદાયના કવિ પ્રસ્થાપિત થયા છે. એમનો 'પ્રાચીના'

સંગ્રહ પ્રાચીન નથી, પણ સદાય અર્વાચીન છે. ડૉ. અશ્વિન દેસાઈએ 'ઉમાશંકર જોશી : સાહિત્ય, ભારતીય સાહિત્ય અને વિશ્વ સાહિત્યના સંદર્ભમાં' વક્તવ્ય આપતાં અનેક ક્વોટેશન ટાંકીને જણાવ્યું કે, યુરોપીય સાહિત્યમાં બેચેનીનું તત્ત્વ દેખાય છે. ઉમાશંકર સાહિત્યના, ઇતિહાસના, સંસ્કૃતિના પ્રખર અભ્યાસુ હતા, એ એમણે આપેલાં અનેક ભાષણોમાંથી પામી શકાય. પૂર્વ-પશ્ચિમની સમજ, અખેગીતા, એમના નિબંધો પરથી સમજી શકાય. શ્રી જનક નાયકે ઉમાશંકર જોશીનાં ૨૨ એકાંકી વિશે વાત કરતાં જણાવ્યું કે, ઉમાશંકરને માનસશાસ્ત્રનું જાણે પૂર્ણ જ્ઞાન હતું. સ્ત્રીઓ-બાળકોને મનોવૈજ્ઞાનિક સ્તરે એમનાં એકાંકીઓમાં મૂક્યા છે. નાટકમાં ગ્રામ-શહેરી જીવનના પ્રશ્નો તો છે જ. સ્ત્રીની લાચારી, એ વખતની સામાજિકતા વગેરે હૃદયદ્રાવક રીતે એકાંકીઓમાં નિરૂપાયું છે. શ્રી બકુલેશ દેસાઈએ ઉમાશંકર જોશીનો પરિચય આપ્યો હતો.

S

ચી. મં. ગ્રંથાલયના ઉપક્રમે તા. ૧૨-૭-૧૦ના રોજ સાંજે ૪.૩૦થી ૫.૩૦ દરમ્યાન 'મને ગમતું પુસ્તક' અંતર્ગત વાર્તાલાપનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અન્વયે શ્રી કલ્પનાબહેન પરીખે ધ્રુવ ભટ્ટની 'તત્ત્વમસિ' નવલકથા વિશે વાત કરતાં કહ્યું હતું કે "આ નવલકથામાં લેખકે પત્ર અને ડાયરીનું કથાત્મક રીતે આલેખન કર્યું છે તેમજ આદિવાસી સમાજ અને ભારતની ભાતીગળ પ્રજામાંની લોકસંસ્કૃતિ વિશેની વાત ચોટદાર રીતે કરી છે. આમ, આ નવલકથા લેખકનું ઉત્તમ સર્જન છે." શ્રી રૂપાબહેન શેઠે આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી અનિલાબહેન દલાલ, શ્રી ભારતીબહેન દવે, 'અભિરુચિ' કાર્યક્રમની બહેનો અને જૂજ વિદ્યાર્થી-વાચકો ઉપસ્થિત રહ્યાં હતાં.

**દીપ્તિ શાહ**
ચી. મં. ગ્રંથાલય

## વિ. મ. ભટ્ટ વ્યાખ્યાનમાળા

તા. ૬-૮-૨૦૧૦ને શુક્રવારના ૧૧.૦૦ કલાકે ડૉ. કિશોર વ્યાસે વિ. મ. ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત 'માધ્યમો અને સાહિત્ય' વિષય પર સર્વોદય કૉલેજ ઑફ એજ્યુકેશન, ડેરોલ સ્ટેશન, તા. કાલોલ, જિ. પંચમહાલ ખાતે પ્રભાવિત અને અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું.

S

તા. ૭-૮-૨૦૧૦ના રોજ રવીન્દ્રભવનના ઉપક્રમે શ્રી નિરંજન ભગતનું વ્યાખ્યાન 'રવીન્દ્રનાથ ટાગોરનું પક્ષીકાવ્ય' વિષય પર હતું. તેમણે 'ચડુઈપાખી' વિશેના કાવ્યમાં રહેલાં જુદાં જુદાં અર્થઘટન અને પ્રતીકને ખોલી આપ્યાં. તે પછી તેમણે રવીન્દ્રનાથના કૂતરા વિશેના કાવ્યનું પઠન કર્યું અને આ કવિ કેવી રીતે પશુપક્ષી દ્વારા તેમના જીવનદર્શનને વણી લે છે તે બતાવ્યું.



## પાક્ષિકી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૧૨-૮-૨૦૧૦ને ગુરુવારે સાંજે ૬.૦૦ કલાકે સુશ્રી સ્વાતિબહેન મેઢે તેમની 'નિદ્રા-અધીન' વાર્તાનું પઠન કર્યું હતું. રાજા-રાણી અને તેમની સતત ઊંઘ્યા કરતી દીકરીના પરિચિત કથાનકને તેમણે સાંપ્રત સમય સાથે જોડી આપ્યું હતું અને રૂપકાત્મક શૈલીમાં સ્ત્રીની બંધિયાર અવસ્થા અને મુક્તિની ઝંખનાને વ્યક્ત કરી હતી. ઉપસ્થિત ભાવકોએ ચર્ચા-પ્રતિચર્ચા દ્વારા વાતાવરણને જીવંત બનાવ્યું હતું.

## માતૃભાષા કૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ એક સફળ સલાડું
## તા. ૨૯-૭-૧૦થી તા. ૨૩-૮-૧૦

શ્રી બોરીસાગર સાહેબ વહીવટીમંત્રીની જવાબદારીમાંથી મુક્ત થયા ત્યારે તેમણે એક સલાડું કર્યું (એક ઊંટને બીજાને પૂંછડે બાંધવું તે – હરકત ઊભી કરવી.) જોકે આ સારું સલાડું હતું. તેમણે સૂચવ્યું કે ગુજરાતી સાહિત્ય પરિષદ માતૃભાષા અભિયાન અંતર્ગત ક. લા. સ્વાધ્યાય મંદિર દ્વારા આયોજન થાય જેમાં કોઈ પણ ક્ષેત્રનાં, કોઈ પણ વયનાં ભાષાપ્રેમીઓ જોડાઈ શકે અને માતૃભાષા પ્રત્યે સજગતા કેળવી શકે. બોરીસાગર સાહેબ, પારુલબહેન, રાજેન્દ્રભાઈ વગેરેની મહેનત ફળી અને આ અભ્યાસક્રમ શરૂ થયો. પચાસ વિદ્યાર્થીઓના વર્ગની હું પણ એક વિદ્યાર્થિની.

ભાષા એ અર્જિત સંપત્તિ છે અને ગુણોનું સંક્રમણ માતાની ભાષામાં થાય માટે માતૃભાષા. ભાષાકૌશલ ચાર છે : શ્રવણ, કથન, વાચન, લેખન. પહેલી નજરે તો 'આ બધી ખબર છે' એમ લાગ્યું. પરંતુ જેમ જેમ વર્ગ લેવાતા ગયા તેમ તેમ અનુભવસામગ્રી વધતી ગઈ : જાણીતી બાબતો વધારે દૃઢ બની; કેટલીક બાબતોનું વિસ્તરણ થયું; કેટલીક ખૂલતી ને ખીલતી ગઈ અને ભાષાની પારિભાષિક સમજ પણ મળી. (થોડી અઘરી પડી.) આમ તો ચારે કૌશલ એકબીજાં સાથે સંકળાયેલાં છે. 'ભાષા સાંભળીને જ શીખાય છે' એમ કહીએ ત્યારે સામે પક્ષે કોઈ બોલનાર છે જ. બોલનાર જે કહેવું છે તે યોગ્ય શબ્દો વાપરી રજૂ કરે તો સાંભળનાર તેને બરાબર સમજી શકે. આપણું શ્રવણ કેટલું તો પૂર્વગ્રહયુક્ત (conditioned mind) છે તેની કસોટીએ તો મઝા કરાવી – 'ઉંબરે બેઠી સાંભળું રે પોલ વાલમના' – સાહેબે શ્રુતલેખન કરાવ્યું. અમારા પાંત્રીસ વિદ્યાર્થીઓના વર્ગમાં માત્ર એક જ જણે 'પોલ' લખ્યું, બાકી બધાંએ 'બોલ'. 'માન્યભાષા' અને 'બોલી' બંને ભાષાના જુદા જુદા વપરાશો છે. અમારા એક સાથી મિત્રે કહ્યું કે સુરતી ભાષામાં ('સ'ને બદલે 'હ' બોલે) "ગાંધીજી માટે 'હત્યાગ્રહ' અંગ્રેજ શાસનનો વિરોધ કરવાનું સૌથી મોટું સાધન હતું' – એમ બોલાય તો ભારે મુશ્કેલી ઊભી થાય ! સાંભળીએ છીએ, વાંચીએ છીએ ત્યારે ભાષાનો વપરાશ તો ચાલુ જ હોય છે કારણ કે તે વખતે પણ વિચારીએ છીએ, અનુભવીએ છીએ, સંવેદનોને ગ્રહણ કરીએ છીએ જે આપણને વાતને સમજવામાં મદદરૂપ થાય છે. ધૂમકેતુની વાર્તા 'પોસ્ટ ઑફિસ'માં

અલી ડોસો જ માત્ર મુસલમાન – કેમ ? કારણ કે મરિયમનો પત્ર આવે ત્યારે હિન્દુ હોય તો 'કબર' ક્યાંથી લાવે ? ગમ્યું. ક્યારેક આ રીતે પણ વિચારી શકાય. શરૂઆતમાં બધાંને થોડાક આશ્ચર્યમાં મૂકી – 'વિરામચિહ્નો અનિવાર્ય નથી' – શ્રી રમણ સોનીએ કયાં કયાં વિરામચિહ્નો ક્યાં અને ક્યારે વપરાય તેની વિસ્તૃત ચર્ચા કરી. ભાષા અને લિપિ વચ્ચેના સંબંધને સમજવા માટે વિરામચિહ્નો મૂકવાં જોઈએ. ડૉ. પિંકી પંડ્યાએ શબ્દોને ખરેખર રમાડ્યા. ધ્વનિ બદલવાથી – અર્થપરિવર્તન થાય ત્યારે શબ્દ બદલાય છે.

ક : 'મારી છોકરી જવાન થઈ ગઈ છે.'

ખ : 'તો સરહદ પર મોકલી આપને.'

શબ્દઘડતરના દિવસે તો બરાબર એક કલાક વર્ગની બહાર વર્ગ ચાલ્યો. ડૉ. નીલોત્પલા ગાંધી, ડૉ. અરવિંદ ભંડારી, ડૉ. કીર્તિદા શાહ અને ડૉ. પિંકી પંડ્યાએ ભાષાવિજ્ઞાનને વ્યવહારુ દાખલાઓ આપી રસપ્રદ બનાવ્યું. વાક્યની પદરચના ફરતાં અર્થ ફરે પણ પ્રૂફરીડરને તે મૂંઝવણમાં મૂકે.

'' 'આ અમારું ઘર છે.' [......] [......] 'આ ઘર અમારું છે.'''

બોરીસાગર સાહેબે તો આપણે લેખનમાં કેટલી ભૂલો કરીએ છીએ અને કયા શબ્દ કેવી રીતે લખાય તેની તો જાણે એક યાદી આપી દીધી. 'શીતળા' ગરમીથી થતો રોગ – ભયથી 'શીતળા' કહીએ છીએ – psycho-linguistic શાસ્ત્રની વાત કરી.

અલગ અલગ વિષયો પર વિશેષજ્ઞોએ વાર્તા કરી પરંતુ બધાંનો સૂર એક હતો – ભાષક બોલે તે ભાષા. ભાષાને ઉકેલતાં આવડશે તો માણસને ઉકેલતાં આવડશે. ૨૧મો દિવસ આવતાં તો બસ, કાલથી નહીં આવવાનું ? એમ બધાંના મનમાં થયું. અમે બધાં પણ પરીક્ષા + અર્થી કરતાં વિદ્યા + અર્થી વધુ બની રહ્યા. મઝા આવી.

**– એક વિદ્યાર્થિની**
**રૂપા શેઠ**

## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણીનું છઠ્ઠું વ્યાખ્યાન તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૦ને ગુરુવારે સાંજે ૫.૦૦ કલાકે ડૉ. મહેશ ચંપકલાલ 'સંસ્કૃત રંગભૂમિ અને ગ્રીક થિયેટર' વિશે આપશે.

S

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમીએ આ વર્ષની ૨૪મી ઑગસ્ટે નર્મદ જન્મદિવસ, વિશ્વ ગુજરાત દિવસ ઊજવવાનું નક્કી કર્યું એના ભાગ રૂપે આ વર્ષથી નર્મદ પારિતોષિકનો આરંભ કર્યો, જેમાં એક ગુજરાતી અને એક મરાઠી લેખકને દર વર્ષે આ પારિતોષિક ૨૪ ઑગસ્ટે એનાયત થશે.

આ પારિતોષિક તા. ૨૪મી ઑગસ્ટે ગુજરાતીમાં શ્રી રઘુવીર ચૌધરી અને



મરાઠીમાં શ્રી મધુ કર્ણિકને રૂ. ૫૧,૦૦૦/-, સ્મૃતિચિહ્ન અને શાલ સાથે અકાદમીના કોષાધ્યક્ષ શ્રી હેમરાજ શાહના હસ્તે અર્પણ થયું. શ્રી રઘુવીર ચૌધરીનો પરિચય શ્રી દીપક મહેતાએ આપ્યો. શ્રી મધુ કર્ણિકનો પરિચય અકાદમીના મંત્રીશ્રી નિરંજન મહેતાએ આપ્યો હતો. પ્રતિભાવ આપતાં શ્રી રઘુવીર ચૌધરીએ ગુજરાતી / મરાઠી લેખકના સદીઓથી થતા આદાનપ્રદાનની વાત કરી હતી. તો શ્રી મધુ કર્ણિકે ગુજરાતીમાં વક્તવ્ય આપ્યું. સાહિત્ય અને સંસ્કૃતિની દૃષ્ટિએ બે ભાષાના સાહિત્યમાં સન્માનિત કરવાનો કાર્યક્રમ પ્રશંસનીય છે. બંને સાહિત્યકારોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી અભિનંદન.

r